**ક્રમાંક–૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**ગુરુવાર, તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેના એવોર્ડની જાહેરાત અને અર્પણ વિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૮–૨–૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભાના સભ્યોમાંથી શ્રેષ્ઠ ધારાસભ્યની પસંદગી કરી તેમને એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. જેના અનુસંધાને એવોર્ડ માટે પસંદગી કરવાના ધોરણોની ટૂંકી સમજ આપી, સન ૨૦૧૮–૧૯ માટે સભ્યશ્રી મોહનસિંહ રાઠવાની અને સન ૨૦૧૯–૨૦ માટે સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની પસંદગી કરવામાં આવી હોવાની જાહેરાત કરી તેમનો ટૂંકો પરિચય આપ્યો. ત્યારબાદ બન્ને સભ્યશ્રીઓને એવોર્ડ આપવામાં આવ્યા.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એવોર્ડ વિજેતા બન્ને સભ્યશ્રીઓને શાબ્દિક અભિનંદન આપ્યા. ત્યારબાદ શ્રી મોહનસિંહ રાઠવા અને શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી, વિપક્ષના નેતાશ્રી અને સભાગૃહના સર્વે સભ્યોનો આભાર માન્યો. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

૨. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૩૮નો મૌખિક જવાબ આપવામાં આવ્યો. ત્યારબાદ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૫૨ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મૌખિક જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.

૩. **સભાત્યાગ**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૫૨નો મૌખિક જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કર્યો.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ ડો.નીમાબેન આચાર્યએ સમિતિનો નવમો અને દસમો અહેવાલ રજૂ કર્યો.

૫. **સરકારી વિધેયકો**

(૧) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૦નું ગુજરાત જમીન પચાવી પાડવા પર(પ્રતિબંધ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.સી.જે.ચાવડા (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી બળદેવજી ઠાકોર
(૩) શ્રી લલીતભાઇ કગથરા
(૪) શ્રી પ્રતાપ દૂધાત
(૭) શ્રી સી.કે. રાઉલજી
(૮) શ્રી રઘુભાઇ દેસાઇ
(૯) શ્રી ઋષિકેશ પટેલ

(૫) શ્રી પ્રદિપસિંહ જાડેજા (રા.ક.ના ગૃહમંત્રીશ્રી)  (૧૦)શ્રીમતી ગેનીબેન ઠાકોર (પ્રવચન અધૂરું)
(૬) શ્રી ગુલાબસિંહ રાજપુત

૬. **સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પ્રમાણે આજના દિવસની કામકાજની યાદીમાં સમાવિષ્ટ કામ પૂર્ણ કરવા માટે સભાગૃહનો સમય સાંજના સાત વાગ્યા સુધી લંબાવવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમય મર્યાદામાં બંધાયા વગર સમય લંબાવવા સંમતિ આપતાં સભાપતિશ્રીએ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનું ઠરાવ્યું.

૭. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય શ્રીમતી ગેનીબેન ઠાકોરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) ડો.અનિલ જોષીયારા  (૧૩) શ્રી પુંજાભાઇ વંશ

(૧૨) શ્રી કેતનભાઇ ઇનામદાર  (૧૪) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૧૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૦નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા  (૫) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી પૂર્ણેશ મોદી  (૬) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)
(૩) શ્રી સી.કે.રાઉલજી  (૭) શ્રી કીરીટકુમાર પટેલ
(૪) શ્રી અરવિંદકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**પોઇન્ટ ઓફ ઓર્ડર પર વિગતવાર નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ બુધવાર તા.૨૩–૯–૨૦૨૦ના રોજ સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક–૨૨ને દાખલ થતું રોકવાની સત્તા સભાગૃહને નથી તેમ જણાવી વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરને નામંજૂર કરતો વિગતવાર નિર્ણય જાહેર કર્યો.

૯. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૩) માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૬–

સન ૨૦૨૦નું સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૦નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી કીરીટકુમાર પટેલ | (૪) શ્રી નરેશભાઇ પટેલ |
| (૨) શ્રી ઋત્વિકભાઇ મકવાણા | (૫) શ્રી પુંજાભાઇ વંશ |
| (૩) શ્રી સી.કે.રાઉલજી | (૬) શ્રી ગુલાબસિંહ રાજપુત |

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૧૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૯.૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**